# Press Note (April 2020-March 2021)



દિવ્ય ભાસ્કર

અમદાવાદ • રવિવાર, 12 જાન્યુઆરી, 2020 | 2

સાયલા . લખતર . મૂળી . લીલાપુર . ચુડા . લીંબડી

ધર્મ-સમાજ-સંસ્થા

**કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકે જુનાગઢ ત્રિદિવસીય વર્કશોપમાં ભાગ લીધો**

સુરેન્દ્રનગર ભાસ્કર | જુનાગઢ કૃષી યુનિવર્સિટી ઈઈઆઈ આણંદના સંયુક્ત ઉપક્રમે તા. 7 થી 9 જાન્યુઆરી દરમિયાન રિસેન્ટ એક્સટેન્શન અપ્રોચીસ ફોર ઈફેક્ટીવ ટ્રાન્સફર ટેક્નોલોજી ત્રિદિવસીય વર્કશોપનું આયોજન કર્યુ હતુ. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ડો.ડી.એ.પટેલ, ખેતીવાડી અધિકારી એમ.એન.પટેલ ભાગ લઈ એગ્રોટુરીઝમ, સ્વોટ એનાલીસી, કોન્ટ્રાક્ટ ફાર્મિંગ સહિતના સેશનમાં ભાગ લીધો હતો.



દિવ્ય ભાસ્કર

સાયલા . લખતર . મૂળી . લીલાપુર . ચુડા . લીંબડી

અમદાવાદ • મંગળવાર, 21 જાન્યુઆરી, 2020 | 2

ધર્મ-સમાજ-સંસ્થા

**સાંઘાણી પ્રા.શાળાના વિદ્યાર્થીઓ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાતે**

ચોટીલા ભાસ્કર | ચોટીલાના નાનાકાંધાસર કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત સાંઘાણી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ લીધી હતી. આ પ્રસંગે વરીષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો.બી.સી.બોચલ્યાએ બાળકોને કૃષી વિજ્ઞાન કેન્દ્ર અંગે માહિતી આપી હતી. જ્યારે ડી.એ.પટેલે વિદ્યાર્થીઓને વર્મીકમ્પોસ્ટ, બકરાપાલન, ગૌપાલન અને અન્ય યુનિટોની મુલાકાતે લઈ જઈ વિગતે માહિતી આપી હતી. આ પ્રસંગે શાળાના શિક્ષકો બાળકો સાથે ઉપસ્થિત રહી જોડાયા હતા.



દિવ્ય ભાસ્કર

**નાના કાંધાસરમાં વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઇ**

ચોટીલા ભાસ્કર | ચોટીલા તાલુકાના નાનાકાંધાસર કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં તાજેતરમાં વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠકનુ આયોજન કરાયુ હતુ. જુનાગઢ કૃષી યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.બી.કે.સગારકાના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ બેઠકમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા એમ.એફ.ભોરણીયા, ડો.બી.સી.બોચલ્યા, ડી.એ.પટેલ, ડો.આર.પી.કાલમાએ વિભાગ મુજબ ખેતીવાડી, બગાયત અને પશુપાલન વાર્ષિક, ખેડૂતલક્ષી તાલીમ, નિદર્શનો, ઓ.એફ.ટી કામગીરી, આગામી વર્ષની કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો.



દિવ્ય ભાસ્કર

**નાનાકાંધાસરના કૃષિવિજ્ઞાન કેન્દ્રમાં પાકોની મૂલ્યવૃદ્ધિ વિષે માહિતી અપાઇ**

ચોટીલા ભાસ્કર | ચોટીલાના નાનાકાંધાસરના કૃષિવિજ્ઞાન કેન્દ્ર ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાઇ હતી. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા એમ. એફ. ભોરણીયા, વૈજ્ઞાનિક ડી. એ. પટેલ કિચન ગાર્ડનીંગ તથા ફળ-શાકભાજી પાકોમાં મૂલ્ય વૃદ્ધિ વિષયક માહિતી આપી હતી. જેમાં ૪૩ જેટલી ખેડુત બહેનોએ ઉપસ્થિત રહ્યા હતા હાજરી આપી હતી.



દિવ્ય ભાસ્કર

આસપાસ

અમદાવાદ • શુક્રવાર, 18 સપ્ટેમ્બર, 2020 | 3

ધર્મ-સમાજ-સંસ્થા

**નાનાકાંધાસર ખાતે પોષણમાસ કાર્યક્રમની ઉજવણી કરાઇ**



દિવ્ય ભાસ્કર

સુરેન્દ્રનગર 05-10-2020

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'સ્વચ્છતા હી સેવા' દિવસની ઉજવણી કરાઇ**

સુરેન્દ્રનગર ભાસ્કર | સુરેન્દ્રનગર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા બે ઓક્ટોબરના રોજ સ્વચ્છતા હી સેવા દિવસનું આયોજન કર્યુ હતુ. આ પ્રસંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાનાકાંધાસરના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા એમ.એફ. ભોરણીયા, વૈજ્ઞાનિક ડો.બી.સી.બોચલ્યા, ડી.એ.પટેલ, ડો.આર.પી.કાલમાએ એ ઉપસ્થિત ભાઈઓ બહેનોને સ્વચ્છતાનું જીવનમાં મહત્વ અને કચરાના ઉપયોગથી દેશી ખાતર બનાવવા સહિતની માહિતી આપવામાં આવી હતી.

# Press Note (April 2020-March 2021)

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 09-10-2020

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાના કાંધાસરમાં કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની તાલીમ યોજાઇ



ચોટીલા ભાસ્કર | ચોટીલા કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં નાના કાંધાસર દ્વારા રાવે પ્રોગ્રામ અંતર્ગત કૃષિયુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન અને ઓફલાઈન તાલીમનું આયોજન કરાયુ હતુ. જેમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા એમ.એફ.ભોરણીયાએ વિદ્યાર્થીઓને પ્રાસંગીક ઉદબોધન સાથે કેવીકે વિષયક માહિતી આપી હતી. વૈજ્ઞાનિક ડો.બી.સી.બોચલ્યા, ડી.એ.પટેલ, ડો.આર.પી.કાલમાએ વિસ્તરણ, બાગાયત, પશુપાલનની માહિતી આપી હતી. આ તાલીમમાં નવસારી કૃષિ યુનિવર્સિટી, કૃષિ વિદ્યાલય મોટા ભંડારીયા, જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના 115 વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 20-10-2020

## નાના કાંધાસર કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં વિશ્વ ખાદ્ય દિવસની ઉજવણી કરાઇ



સુરેન્દ્રનરગ ભાસ્કર | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાના કાંધાસર ખાતે વિશ્વ ખાદ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વરિષ્ઠ વિજ્ઞાનિક અને વડા એમ.એફ. ભોરણીયાએ ખેડૂતોને આવકાર્યા અને પ્રાસંગીક ઉદબોધન આપ્યુ હતુ. જ્યારે વૈજ્ઞાનિક ડો.આર.પી.કાલમા, ડી.એ.પટેલે ખેડૂતોને ખાદ્ય સુરક્ષા, સ્વચ્છતા તથા ખોરાકનો બગાડ ઓછો થાય તે વિષયક માહિતી આપી હતી. ત્યારબાદ કોવિડ-19 અંગે સાવચેતીના પગલા લેવા પ્રતિજ્ઞા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સ્ટાફ તથા ઉપસ્થિત ખેડૂતોએ લીધી હતી.

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 29-10-2020

## કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં NFSM સ્કીમ હેઠળ માહિતી અપાઈ



સુરેન્દ્રનગર ભાસ્કર | સુરેન્દ્રનગર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા એન.એફ.એસ.એમ સ્કીમ હેઠળ કેન્દ્રીય તાલીમનું આયોજન કરાયુ હતુ. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાનાકાંધાસરના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા એમ.એફ.ભોરણીયાએ ખેડૂતોને ચણા અને ઘઉંના પાક સંરક્ષણની માહિતી આપી હતી. જ્યારે વૈજ્ઞાનિક ડો.બી.સી.બોચલ્યા, ડી.એ.પટેલે, ડો.આર.પી.કાલમાએ ચણા અને ઘઉંના પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતી અને ખેડૂત બીલ અંગે માહિતી આપી હતી.

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 01-11-2020

## કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો ઓનલાઇન ખેડૂતોને માહિતી આપવાનો કાર્યક્રમ યોજાયો




સુરેન્દ્રનગર ભાસ્કર | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ઓનલાઈન ખેડૂતોને માહિતી આપવા કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક અને વડા એમ.એફ.ભોરણીયાએ ખેડૂતોને પાકસંરક્ષણ અને ડો.બી.સી.બોચલ્યા અને ડી.એ.પટેલે પાકના વાવેતરની વૈજ્ઞાનિક પધ્ધતિની માહિતી આપી હતી. ત્યારબાદ રિલાયન્સ ફાઉન્ડેશનના મુકેશભાઈ દેસાઈએ ખેડૂતોના પ્રશ્નો અંગે જવાબો આપ્યા હતા.

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 23-11-2020

## નાનાકાંધાસર કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો ઓનલાઇન કાર્યક્રમ યોજાયો

સુરેન્દ્રનગર ભાસ્કર | નાનાકાંધાસર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા રીલાયન્સ ફાઉન્ડેશનના સહયોગથી યુટ્યુબ લાઈવ ફોર ઈન પ્રોગ્રામનું આયોજન કરાયુ હતુ. જેમાં વરિષ્ઠ વૈજ્ઞાનીક અને વડા એમ.એફ. ભોરણીયાએ હાજર ખેડૂતોને ચણા અને ઘઉંના પાકમાં પાક સંરક્ષણની માહિતી આપી હતી. જ્યારે વૈજ્ઞાનિક ડી.એ.પટેલ, ડો.બી.સી.બોચલ્યાએ પાક વાવેતર માટે વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિની માહિતી તથા રીલાયન્સ ફાઉન્ડેશનના મુકેશભાઈ દેસાઈએ ખેડૂતોના પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા હતા.

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 28-11-2020

## નાનાકાંધાસર કૃષી વિજ્ઞાન કેન્દ્રમાં ખેડૂત ભાઇ બહેનોએ બંધારણના આમુખની પ્રતિજ્ઞા લીધી



સુરેન્દ્રનગર ભાસ્કર | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાના કાંધા સરમાં બંધારણ દિવસની ઉજવણીનું આયોજન કરાયુ હતુ. આ પ્રસંગે વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા એમ.એફ. ભોરણીયાએ પ્રાસંગીક ઉદબોધન કર્યુ હતુ. જ્યારે વૈજ્ઞાનિક ડી.એ.પટેલ, ડો.આર.પી. કાલમા, ડો.બી.સી.બોચલ્યા, એમ.એન.પટેલે બંધારણ અંગે માહિતી આપી હતી. આ કાર્યક્રમના અંતે કે.વી.કે સ્ટાફ અને ખેડૂત ભાઈઓ બહેનોએ બંધારણના આમુખની પ્રતિજ્ઞા લીધી હતી.

# Press Note (April 2020-March 2021)

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 07-12-2020

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાનાકાંધાસરમાં વિશ્વ જમીન દિવસની ઉજવણી કરાઇ



સુરેન્દ્રનગર ભાસ્કર | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાનાકાંધાસર દ્વારા વિશ્વ જમીન દિવસ ઉજવણી નિમિતે કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ. આથી નવાગામ ખાતે તા.૬-12-20ના રોજ યોજાયેલ કાર્યક્રમમાં વૈજ્ઞાનિક ડો.બી.સી.બોચલ્યા ઉપસ્થિત લોકોને જમીન દિવસ અંગે માહિતી આપી હતી. જ્યારે વૈજ્ઞાનિક ડો.ડિ. એમ.પટેલ, ડો.આર.પી.કાલમાએ જમીન અને પાણીના નમુના લેવાની રીત અને ચકાસણી વિષયક માહિતી આપી હતી. આ પ્રસંગે ખેડૂત ભાઈઓ બહેનો ઉપસ્થિત રહયા હતા.

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 09-12-2020

## ટેલિફોનિક કોન્ફરન્સ થકી માહિતી કાર્યક્રમ યોજાયો



સુરેન્દ્રનગર ભાસ્કર | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાના કાંધાસરમાં રીલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ટેલીફોન કોન્ફરન્સ થકી ખેડૂતોને માહિતી કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ. જેમાં વરિષ્ઠ કૃષિ વૈજ્ઞાનિક એમ.એફ.ભોરણીયા એ ખેડૂતોને ચણા અને ઘઉંના પાકમાં આવતા રોગ જીવાત નિયંત્રની માહિતી આપી હતી. જ્યારે વૈજ્ઞાનિક ડો.ડી.એ.પટેલે ચણા, ઘઉં, ડુંગળી પાકના વાવેતરથી કાપણી સુધી વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિની માહિતી આપી હતી.

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 18-12-2020

## ખેડૂતોને ટેલિફોનીક કોન્ફરન્સિંગ માહિતી કાર્યક્રમ યોજાયો



સુરેન્દ્રનગર ભાસ્કર | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર નાનાકાંધાસર અને રીલાયન્સ ફાઉન્ડેશન દ્વારા ખેડૂતોને માહિતી આપવા ટેલિફોનીક કોન્ફરન્સનું આયોજન કરાયુ હતુ. જેમાં વરિષ્ઠ વૈજ્ઞાનિક એમ.એફ.ભોરણીયાએ જીરૂના પાકમાં આવતા રોગ અને જીવાંત નિયંત્રણની વિસ્તુત માહિતી આપી હતી. ત્યારબાદ વૈજ્ઞાનિક ડી.એ.પટેલે પાક વાવેતરથી કાપણી સુધીથી વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિથી ખેડૂતોને માહિતગાર કરાયા હતા. જ્યારે મુકેશભાઈ દેસાઈએ ખેડૂતોને મુંજવતા વિવિધ પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા હતા.

દિવ્ય ભાસ્કર સુરેન્દ્રનગર 25-12-2020

## કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં પશુપાલન શિબિર યોજાઇ



સુરેન્દ્રનગર ભાસ્કર | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નાના કાંધાસર ખાતે ધનીષ્ટ પશુ સુધારણા યોજના અંતર્ગત કિસાન દિવસની ઉજવણી અને પશુ પાલન શીબીર યોજાઈ હતી. જેમાં એમ.એફ. ભોરણીયા, ડો. પીયુષ કાકડીયા સહિતનાઓએ ખેડુતો અને પશુપાલકોને પશુ પસંદગી, રહેણાઠ, પશુ આહાર, રસીકરણ સહિતની માહિતી આપી હતી.